નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
પોસ્ટ વિતરણ/પોલીસી/ ૮૯
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૦૬/૦૭/૨૦૧૭

## // પરિપત્ર //

**વિષય:– નિગમની પ્રવર્તમાન વપરાશી મિલ્કતોની તબદીલી અંગેની નીતિને સ્થાને નવી નીતિ તેમજ ખુલ્લા / વણવપરાશી મિલ્કતોની તબદીલી અંગેની નીતિ બાબત.**

સંદર્ભ:– ૧) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૭૦, તા.૧૮.૦૨.૨૦૧૭
૨) નિગમના પરિપત્ર ક્રમાંક: GIDC/Post-Alt./PPOL/CIR/62, તા.૨૦.૧૨.૨૦૧૬
૩) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૩૬, તા.૨૮.૦૪.૨૦૧૬
૪) નિગમના પરિપત્ર ક્રમાંક: GIDC/ALT/CIR/TFR/54, તા.૨૨.૧૨.૨૦૧૫
૫) નિગમના પરિપત્ર ક્રમાંક: GIDC/ALT/POL/20,તા.૨૨.૦૬.૨૦૧૫
૬) નિગમના પરિપત્ર ક્રમાંક:GIDC/ALT/POL/CIR/04, તા.૦૬.૦૫.૨૦૧૫
૭) નિગમના પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/કા.નિ.(વિત.)/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/વિતરણ/૪૫, તા.૦૩.૧૦.૨૦૧૨
૮) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/જ.મે./વિતરણ/પીઓએલ/૧(૧૦)/૧૯, તા.૨૯.૦૩.૨૦૧૧
૯) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૮૫/૩, તા.૦૧.૦૧.૨૦૧૧
૧૦) નિગમના પરિપત્ર ક્રમાંક:જીઆઈડીસી/વિત/તબદ/પોલીસી/૩૧/૦૬/૧૮, તા.૦૮.૧૧.૨૦૦૬
૧૧) નિગમના પરિપત્ર ક્રમાંક: ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/પીઓએલ/૧(૬)–૩૧–૬૬૫–૯૬, તા.૧૦.૦૯.૧૯૯૬

નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ વિવિધ મિલ્કતોની તબદીલી અન્વયેપરિપત્ર ક્રમાંક: GIDC/ALT/POL/20, તા.૨૨.૦૬.૨૦૧૫ અને પરિપત્ર ક્રમાંક: GIDC/ALT/CIR/TFR/54, તા.૨૨.૧૨.૨૦૧૫અન્વયે મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે પરિપત્ર જારી કરવામાં આવેલ છે. સદર પરિપત્રો અન્વયે મિલ્કતોની તબદીલી અંગેની અરજી નિગમને મળે ત્યારે મિલ્કતનો મોરેટોરીયમ પીરીયડ દરમ્યાન વપરાશ થયેલ છે કે કેમ? તેમજ હાલના વપરાશના પુરાવા તરીકે તબદીલી અરજીથી છેલ્લા ૨(બે) વર્ષના પુરાવાઓની ચકાસણી કરવામાં આવે છે. પરંતુ સદર તબદીલીની નીતિને વધુ સરળ બનાવવા, મિલ્કતના વપરાશ બાબતે ઓછામાં ઓછા વપરાશના પુરવાઓ રજુ કરવાના રહે, વણવપરાશી / ખુલ્લી મિલ્કતોની તબદીલી થઈ શકે અને તબદીલી અંગેની કાર્યવાહી વધુ સરળ અને ઝડપી થઈ શકે તે બાબતે નિયામક મંડળની તા.૨૦.૦૬.૨૦૧૭ ના રોજ યોજાયેલ ૪૯૬ મી સભામાં, નિગમ ધ્વારા ફાળવવામા આવેલ વિવિધ મિલ્કતનો નિગમની પ્રવર્તમાન વપરાશી મિલ્કતોની તબદીલી અંગેની નીતિને સ્થાને નવી નીતિ તેમજ ખુલ્લા / વણવપરાશી મિલ્કતોની તબદીલી અંગેની નીતિના ઘડતર સારૂ નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંક:૧૦/પોસ્ટ વિતરણ/૪૯૬, તા.૨૦.૦૬.૨૦૧૭ થી સાદર કરવામાં આવેલ. પ્રસ્તુત બાબતે નિગમ ધ્વારા થયેલ ઠરાવ ક્રમાંક:૪૩/પોસ્ટ વિતરણ/૪૯૬/૨૦૧૭ અન્વયે મિલ્કતોની તબદીલી બાબતે નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

**(૧) મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે નીચે મુજબના પુરાવાની ચકાસણી કરવાની રહેશે.**

તમામ પ્રકારની મિલ્કતો માટે વપરાશના નીચે મુજબના આધાર પુરાવા રજુ કરવાના રહેશે. જેમાં વીજ વપરાશના તબદીલીની અરજી તારીખથી છેલ્લા ૧૦ વર્ષ સુધીના પુરાવા માંગવાના રહેશે અને વણવપરાશી સમયગાળા માટે નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબ વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે. જો અરજી તારીખથી છેલ્લા બે વર્ષના વપરાશના પુરતા પુરાવા રજુ કરવામાં ન આવે તો મિલ્કત વણવપરાશી ગણવાની રહેશે.

(૧) કાયમી વીજ જોડાણનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૨) અરજી તારીખથી છેલ્લા ૨(બે) વર્ષથી મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે તબદીલીની અરજી તારીખથી છેલ્લા બે વર્ષના દરેક બે કવાર્ટર પૈકી એક–એક વપરાશી લાઈટ બીલ

(૩) અરજી તારીખથી છેલ્લા ૫(પાંચ) વર્ષથી મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે અનુક્રમ નંબરઃ(૨) + તબદીલીની અરજી તારીખ અગાઉના ૫ માં વર્ષનું કોઈ પણ એક વપરાશી લાઈટ બીલ.

(૪) અરજી તારીખથી છેલ્લા ૫(પાંચ) વર્ષ કે તેથી વધુ પરંતુ છેલ્લા ૧૦(દશ) વર્ષથી ઓછા સમય માટે મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે અનુક્રમ નંબરઃ(૨) + (૩) + તબદીલીની અરજી તારીખ અગાઉના ૫ થી ૧૦ વર્ષ દરમ્યાનના કોઈ પણ બે વપરાશી લાઈટ બીલ.

(૫) અરજી તારીખથી છેલ્લા ૧૦(દશ) વર્ષથી મિલ્કત વપરાશી છે કે કેમ? તે બાબતે અનુક્રમ નંબરઃ(૨) + (૩) + (૪)+ તબદીલીની અરજી તારીખ અગાઉના ૧૦ માં વર્ષનું કોઈ પણ એક વપરાશી લાઈટ બીલ.

(૬) પ્લોટ / શેડ ઉપર ઓછામાં ઓછુ ૨૦% ગ્રાઉન્ડ કવરેજ બાંધકામ. (નિગમના નીતિ નિયમ મુજબ અપવાદરૂપ કિસ્સાઓમાં બાંધકામમાં છૂટછાટ મળવાપાત્ર થશે.)

**(૨) તબદીલી ફી અને વણવપરાશી દંડઃ–**

નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/કા.નિ.(વિત.)/ઓએન્ડએમ/સીઆઈઆર/ પીઓએલ/ વિતરણ/૪૫, તારીખઃ ૦૩.૧૦.૨૦૧૨ થી મિલ્કત તબદીલ કરનાર ધ્વારા કરવામાં આવેલ મિલ્કતના વપરાશને ધ્યાને લઈ જે તબદીલી ફી નકકી કરવામાં આવેલ છે તેના સ્થાને નીચે મુજબ તબદીલી ફીની વસુલાત કરવાની રહેશે તેમજ વણવપરાશી સમયગાળા માટે જે પ્રતિ વર્ષ ૩% લેખે વણવપરાશી દંડ વસુલ લેવામાં આવે છે તેના સ્થાને તબદીલીના કિસ્સાઓમાં નીચે કોષ્ટકમાં જણાવ્યા મુજબ પ્રતિ વર્ષ ૨% લેખે વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે.

| કેટેગરી<br><br>તમામ પ્રકારની મિલ્કતો | ઔપચારીક/ અનઔપચારીક પ્રકારની તબદીલી | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વપરાશી પ્લોટ/શેડ (નિગમના નીતિ નિયમ મુજબ. | | અગાઉ વપરાશી હોઈ, પરંતુ હાલ બંધ અથવા નિગમના નીતિ નિયમ મુજબ વપરાશની વ્યાખ્યામાં નથી તેવા પ્લોટ / શેડ | | ખુલ્લા પ્લોટ (ખુલ્લા / વણવપરાશી પ્લોટ / શેડના ઔપચારીક પ્રકારના મૃત્યુના વારસદારની તરફેણમાં તબદીલીના કિસ્સા સિવાય અન્ય ઔપચારીક પ્રકારના કિસ્સાઓમાં તબદીલી ફી વસુલ લેવાની રહેશે. ) | | |
| | કેટેગરી–૧ | | કેટેગરી–૨ | | કેટેગરી–૩ | | |
| | તબદીલી ફી (પ્રવર્તમાન વિતરણ દરના) | વણવપરાશી દંડ (પ્રવર્તમાન વિતરણ દરના) | તબદીલી ફી (પ્રવર્તમાન વિતરણ દરના) | વણવપરાશી દંડ (પ્રવર્તમાન વિતરણ દરના) | તબદીલી ફી (અનઔપચારીક પ્રકારના કિસ્સામાં) (પ્રવર્તમાન વિતરણ દરના) | તબદીલી ફી (ઔપચારીક પ્રકારના કિસ્સામાં) (પ્રવર્તમાન વિતરણ દરના) | વણવપરાશી દંડ (પ્રવર્તમાન વિતરણ દરના) |
| તબદીલી કરનાર ધ્વારા છેલ્લા ૫(પાંચ) વર્ષ કરતા ઓછા સમયનો વપરાશ | ૧૫% | પ્રતિ વર્ષ ૨% લેખે મહત્તમ ૧૦ વર્ષ માટે. | ૧૫% | પ્રતિ વર્ષ ૨% લેખે મહત્તમ ૧૦ વર્ષ માટે. | ૩૦% | ૧૦% | પ્રતિ વર્ષ ૨% લેખે |
| તબદીલી કરનાર ધ્વારા છેલ્લા ૫(પાંચ) વર્ષથી કે તેથી વધુ પરંતુ ૧૦ (દશ) વર્ષ કરતાં ઓછા સમયનો વપરાશ | ૧૦% | | | | | | |
| તબદીલી કરનાર ધ્વારા છેલ્લા ૧૦(દશ) વર્ષ કે તેથી વધુ સમયનો વપરાશ. | ૫% | | | | | | |

(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ ઓએન્ડએમ / સીઆઈઆર/ વિતરણ/ પોલીસી/ ૮૫/ ૩, તારીખઃ૦૧.૦૧.૨૦૧૧ અન્વયે, કો–ઓપરેટીવ સોસાયટીની તરફેણમાં પ્રથમ વખતની તબદીલી સમયે ઉકત પત્રકમાં જણાવ્યા મુજબ તબદીલી ફી / વણપવરાશી દંડની વસુલાત કરવાની રહેશે. ત્યારબાદ કો–ઓપરેટીવ સોસાયટીના સભ્યોમાં થતા ફેરફાર બાબતે પરિપત્ર તારીખઃ૦૧.૦૧.૨૦૧૧ પ્રમાણે તબદીલી ફી વસુલ લેવાની રહેશે.

(૪) નિગમ ધ્વારા પરિપત્ર ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૭૦, તા.૧૮.૦૨.૨૦૧૭ થી બેંક / ડીઆરટી / ઓફીસીયલ લીકવીડેટર / આરસીલ / કોર્ટ તેમજ અન્ય નાણાંકીય સંસ્થાઓ ધ્વારા થયેલ હરાજી / વેચાણના કિસ્સાઓમાં તબદીલી અંગેની એક અલાયદી નીતિ નકકી કરવામાં આવેલ છે. સદર નીતિ પૈકી અનુક્રમ નંબરઃ૪– કોર્ટ ધ્વારા થયેલ હુકમ અન્વયે મર્જર થયેલ કંપનીઓના કિસ્સાઓમાં ઉકત નવી નીતિ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જયારેઅન્ય કિસ્સાઓ માટે તા.૧૮.૦૨.૨૦૧૭ ના પરિપત્રની જોગવાઈ મુજબ તબદીલી અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

**(૫) નિગમની તા.૦૨.૧૨.૨૦૧૫ ની ખુલ્લી / વણવપરાશી ઔદ્યોગિક મિલ્કતોની તબદીલી અંગેની નીતિ અન્વયે તબદીલી થયેલ મિલ્કતો અને નવી નીતિ અન્વયે ખુલ્લી મિલ્કતોની વપરાશની સમયમર્યાદાઃ–**

નિગમની તા.૦૨.૧૨.૨૦૧૫ ની ખુલ્લી / વણવપરાશી ઔદ્યોગિક મિલ્કતની તબદીલી અંગેની નીતિ અન્વયે જે મિલ્કત તબદીલ થયેલ છે તેવા કિસ્સાઓમાં મિલકતના વપરાશની જે સમયમર્યાદા આપવામાં આવેલ છે તે તારીખથી વધુ ૩(ત્રણ) વર્ષ માટે મિલ્કતની વપરાશની સમયમર્યાદા મળવાપાત્ર થશે. જે અન્વયે વણવપરાશી પેનલ્ટી વસુલ લેવાની રહેશે નહિ. પરંતુ જો સદર સમયગાળા દરમ્યાન કે ત્યારબાદ મિલ્કતની તબદીલી અંગેની અરજી નિગમને મળે અને જો મિલ્કત વણપવરાશી હોય તો તમામ વણવપરાશી સમયગાળા માટે નિગમના નીતિ નિયમ મુજબ વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે. સદર નીતિ હવે પછી થનાર ખુલ્લી ઔદ્યોગિક મિલ્કતની તબદીલીના કિસ્સાઓમાં પણ લાગુ પડશે.

(૬) તબદીલ કરનાર ધ્વારા જે વપરાશી પુરાવા રજુ કરવામાં આવેલ હોય તે તબદીલીથી મેળવનારના નામના હોય, તો ઉપરોકત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની તબદીલી ફી ઉપરાંત વધારાની ૩% લેખે તબદીલી ફી મેળવી મંજુરી આપવાની રહેશે.

જે કિસ્સાઓમાં તબદીલી અંગેનો નિર્ણય લેવાયેલ હોઈ અને ફાળવણીદાર ધ્વારા તબદીલી ફી કે વણવપરાશી દંડની રકમ નિગમમાં ભરપાઈ કરવામાં આવેલ હોઈ તેવા કિસ્સાઓ પુનઃ ઉખેડવાના રહેશે નહિ. નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ વિતરણ) ને પાઠવવી.

— સહી—
(ડી.થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.

**<u>નકલ જયભારત સહ રવાના:—</u>**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.ગ્રેડ—૧શ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યુ,**

**કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)**